–: પ્રેસનોટ :–

અમદાવાદ શહેરમાં સાબરમતી નદી પર આવેલ સુભાષબ્રિજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મેન્ટેનન્સની કામગીરી માટે વાહન ચાલક તથા રાહદારીઓની અવર–જવર સારુ આજરોજ તા.૪/૧૨/૨૦૨૫ થી બંધ કરવામાં આવે છે.

સદરહું સુભાષબ્રિજ બંધ કરવામાં આવતા નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવે છે.

અ.નં.	વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત માર્ગ	વૈકલ્પિક માર્ગ
૧.	સાબરમતી નદી પર આવેલ સુભાષબ્રિજના બન્ને છેડા વાહન ચાલક તથા રાહદારીઓ માટેની અવર–જવર સારુ પ્રતિબંધિત રહેશે.	**૧.** ચાંદખેડા,સાબરમતિ તરફથી આવતા વાહનો ચિમનભાઈ પટેલ બ્રીજ ઉતરી પ્રબોધરાવળ સર્કલ થઇ રાણીપ ડી–માર્ટ થઇ નવા બનેલ રોડ ઉપર થઇ વાડજ સર્કલથી દધિચી બ્રિજ ઉપર થઇ દિલ્હી દરવાજા,શાહીબાગ,સિવીલ તરફ જઇ શકશે. **૨.** સાબરમતિ,ચાંદખેડા તરફથી આવતા વાહનો કે જેઓને સિવિલ તરફ જવું હોય તેઓ ભાટ–કોટેશ્વર રોડ થઇ ઇન્દીરાબ્રિજ થઇ એરપોર્ટ રોડ થઇ સિવિલ હોસ્પીટલ તરફ જઇ શકશે. **૩.** શાહીબાગ તરફથી જેઓને સુભાષબ્રિજ તરફ જવું છે તે વાહન ચાલકો શાહીબાગ અંડરબ્રીજ સર્કલથી કે શાહીબાગ રેલ્વે બ્રીજ ઉપરથી નમસ્તે સર્કલથી કેન્દ્રીય વિદ્યાલય કટથી દેવજીપુરા થઇ મેલડી માતા સર્કલ થઇ દધિચી બ્રીજ થઇ વાડજ સર્કલ થઇ રાણીપ ડી–માર્ટ તરફ અવર–જવર કરી શકશે.

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૪/૧૨/૨૦૨૫

(એન.એન.ચૌધરી)
સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર